GJVD022057982025

## વડોદરાના મહેરબાન ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ – વડોદરા

ક્રિમીનલ કેસ નંબર – ૧૯૦૩૮૮/૨૦૨૫
આંક–

**ફરીયાદી –** સરકાર

વિરુધ્ધ

**આરોપીઓ–** (૧) નઈમ ઉર્ફે ગોટુ અસદભાઈ બિલ્લાવાલા,
(૨) અબ્દુલકાદીર ગુલામમહમદ કુરેશી,
(૩) મોહમદસાહીલ મોહમદસલીમ મલેક,
(૪) મોહમદ ફૈઝાન મોહમદફારૂક કલકત્તાવાલા,
(૫) અયાઝહુસૈન ઈકબાલહુસૈન શેખ.

**ગુન્હો –** જુગાર ધારાની કલમ– ૧૨ મુજબનો.....

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ **જુગારધારા કલમ– ૧૨** મુજબના ગુનાનુ તોહમત મુકેલ છે.

(૨) **સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતાં** તપાસ કરનાર અમલદારે ચાર્જસીટમાં જણાવેલ આરોપીઓ વિરુધ્ધ **જુગાર ધારાની કલમ– ૧૨** મુજબના ગુના સબબનું ચાર્જસીટ કરેલ છે. સદરહુ ચાર્જસીટ રજુ થતાં ચાર્જસીટમાં જણાવેલ આરોપીઓ વિરુધ્ધ ઉકત ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. સમન્સની બજવણી થઈ જતાં આરોપીઓ આ અદાલતમાં તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થયેલા અને તેઓએ **કબુલાત પુરસીસ** રજુ કરી તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માગે છે તેવું જાહેર કરેલ અને જણાવેલ કે, તેઓ ગરીબ અને બાલ બચ્ચાવાળા છે અને સદર ગુનો ભુલથી થયેલ હોઈ હળવી સજા કરવા વિનંતી છે. આરોપીઓએ સદરહુ ગુના કબુલાત પુરસીસ રજુ કર્યા બાદ આ અદાલતે સદરહુ આરોપીઓની **પ્લી** નોધતાં પહેલાં તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી તથા સજાની જોગવાઈઓ વિશે સમજણ આપતાં પણ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવું જાહેર કરતાં તેઓની પ્લી નોધવામાં આવેલી.

**ઉકત હકીકતો ધ્યાને લેતાં** આરોપીઓની કબુલાત સ્વૈચ્છિક જણાઈ આવે છે અને આરોપીઓની રજુઆત મુજબ તેઓ ગરીબ વર્ગના હોઈ તથા અન્ય કોઈ વિપરીત હકીકતો જણાતી ન હોઈ ગુનાનો પ્રકાર

તથા નામદાર ગુજરાત હાઈકોર્ટનો નટવર હરીચંદ વિ. સ્ટેટ, જી.એલ.આર.–૨૦૦૫ પેજ નં. ૭૦૯ ના ચુકાદામાં કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેતાં હાલના કેસમાં પણ ન્યુનતમ સજા કરતાં ઓછી સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે અને તેથી ગુનાનો પ્રકાર, આરોપીઓની સામાજિક અને આર્થિક પરીસ્થિતિ અને સ્વૈચ્છિક કબુલાત પુરસીસની હકીકતો ધ્યાને લેતાં આરોપીઓએ સ્વૈચ્છિક ગુનો કબુલ કરેલ હોઈ ઉકત જણાવેલ આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરુ છું.

## <u>હુકમ</u>

આ કામના આરોપીઓને મજકુર ગુના સબબ **બી.એન.એસ.એસ. કલમ–૩૪૧** અન્વયે **જુગારધારાની કલમ– ૧૨** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવામાં આવે છે તથા **પ્રત્યેક આરોપીને રૂા. ૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા)** મળી કુલ દંડ **રૂા. ૧,૦૦૦ /– (અંકે રૂપીયા એક હજાર પુરા )** નો દંડ કરવાનો અને દંડની રકમ ભરપાઈ કરવામાં કસુર કરે તો, દીન–૦૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. બિન કિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.

**તા. ૧૩/૧૨/૨૦૨૫**
**મુ.વડોદરા.**

**(પી.બી.નાયક)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
**(કોડ નં. જીજે ૦૦૮૭૪)**